દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૭ જૂન, ૨૦૨૬

# શાંતિ કરાર થયો, પણ મધ્ય-પૂર્વમાં ખરેખર શાંતિ સ્થપાશે ખરી?

જેના કારણે વિશ્વભરના દેશોના અર્થતંત્રોને મોટા આંચકા લાગ્યા હતા તે ઇરાન-અમેરિકા યુદ્ધનો છેવટે અંત આવ્યો છે. અમેરિકી સમય પ્રમાણે રવિવારે બંને દેશો વચ્ચે શાંતિ કરાર પર ડિજિટલી હસ્તાક્ષર થઇ ગયા છે અને રૂબરૂમાં સહી કરવાની વિધિ શુક્રવારે યોજાનાર છે. લગભગ ચાર મહિનાથી ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટેનો આ કરાર આ વર્ષની શરૂઆતમાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી આ સૌથી મોટી સફળતા માનવામાં આવી રહી છે. એક વરિષ્ઠ અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ઉપપ્રમુખ જેડી વેન્સ અને તેહરાનની વાટાઘાટોની ટીમનું નેતૃત્વ કરી રહેલા ઈરાની સંસદના સ્પીકર ગાલિબાફે આ કરાર પર ઈલેક્ટ્રોનિક રીતે હસ્તાક્ષર કર્યા છે. આ અંગેનો ઔપચારિક હસ્તાક્ષર સમારોહ શુક્રવારે ૧૯મી જૂને સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાવાનો કાર્યક્રમ છે. જો કે વોશિંગ્ટન અને તેહરાન બંનેએ કરાર થયો હોવાની પુષ્ટિ કરી છે, પરંતુ તેનો સંપૂર્ણ દસ્તાવેજ હજી જાહેર કરવામાં આવ્યો નથી.

અમેરિકી અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સમજૂતી પત્રની વિગતો આગામી બે દિવસમાં જાહેર કરવામાં આવે તેવી અપેક્ષા છે. આ કરાર બે મહિનાથી વધુ સમયની સઘન વાટાઘાટો પછી થયો છે, જેનો ઉદ્દેશ્ય દુશ્મનાવટનો અંત લાવવાનો અને સંઘર્ષને કારણે પ્રભાવિત થયેલા મુખ્ય વેપારી માર્ગોને ફરીથી શરૂ કરવાનો છે. આ માળખા અંતર્ગત 60 દિવસનો વાટાઘાટોનો સમયગાળો નક્કી કરવામાં આવે તેવી અપેક્ષા છે, જે દરમિયાન બંને પક્ષો બાકી રહેલા કેટલાક સૌથી સંવેદનશીલ મુદ્દાઓને ઉકેલવાનો પ્રયાસ કરશે. અને આ બાબત હજી ચિંતા કરાવનારી છે. આ સમયગાળા દરમ્યાન કોઇ મોટા મતભેદ ઉભા થવા અંગેની ચિંતા સેવાઇ રહી છે. જો કે હાલ તો કરાર થઇ ગયો છે તે એક રાહતની વાત છે અને વિશ્વભરના શેરબજારોએ ઉછાળા સાથે આ કરાને વધાવી લીધો છે. હવે ચર્ચા થનારા મુખ્ય વિષયોમાં ઈરાનના પરમાણુ કાર્યક્રમનું ભવિષ્ય અને આ વ્યાપક કરારના અમલીકરણ માટે જરૂરી તંત્રનો સમાવેશ થાય છે. શુક્રવારે યોજાનારો ઔપચારિક સમારોહ બંને દેશો કેવી રીતે આગળ વધવા માંગે છે તે અંગે વધુ સ્પષ્ટતા આપે તેવી અપેક્ષા છે. ઇરાન પરમાણુ શસ્ત્ર નહીં ધારણ કરવા સંમત થયું છે તે મોટી સફળતા છે એમ અમેરિકી પ્રમુખ ટ્રમ્પ કહે છે પરંતુ ઇરાન પહેલેથી જ અણુ શસ્ત્ર નહીં ધારણ કરવા તૈયાર હતું. આ કરારના સૌથી મહત્વપૂર્ણ પાસાઓમાંથી એક છે હોર્મુઝની સામુદ્રધુનીને ફરીથી ખોલવાની યોજના, જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઇ માર્ગોમાંનો એક છે. ઇરાન આ સામુદ્રધુનિ ખોલવા તૈયાર થયું છે પણ ૬૦ દિવસ પછી તે ટોલ વસૂલ કરશે અને એ બાબતે અમેરિકા પણ સહમત થયું છે એમ ઇરાન દાવો કરે છે. આ બાબતે મોટો વિવાદ સર્જાઇ શકે છે. અને અમેરિકાએ ખરેખર ઇરાનને આવી છૂટ આપી હોય તો તેણે નાકલીટી તાણી છે એમ સ્પષ્ટ કહી શકાય.

મોટો તનાવ ઇઝરાયેલ અને લેબેનોનના મામલે છે. લેબેનોનની ઘટનાઓએ દર્શાવ્યું છે કે સ્થિતિ કેટલી નાજુક છે. ઇઝરાયેલે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલા શાંતિ કરારનો સ્વીકાર કરવાનો ઇનકાર કરી દીધો છે. તો બીજી બાજુ ઇરાનમાં અતિ કટ્ટરવાદી ધર્મગુરુઓમાં પણ કરાર અંગે કચવાટ હોવાના અહેવાલ બહાર આવ્યા છે. ઇઝરાયેલના સંરક્ષણ મંત્રી ઇસરાઇલ કાટ્ઝે જણાવ્યું છે કે, તેમની સેના દક્ષિણ લેબેનોનથી પાછી નહીં હટે. જ્યારે ઇઝરાયેલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઇતમાર બેન ગ્વીરે શાંતિ સમજૂતી પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, “આપણે અમેરિકાના ગુલામ નથી. ઇઝરાયેલ એક આઝાદ દેશ છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની આ સમજૂતી ઇઝરાયેલ પર લાગુ થતી નથી.” ઇઝરાયેલનું આવું વર્તન મધ્ય પૂર્વમાં તનાવ ચાલુ રાખી શકે છે. ઈરાન-અમેરિકા વચ્ચે થયેલા કરારનો સંપૂર્ણ દસ્તાવેજ હજુ જાહેર કરવામાં આવ્યો નથી. ઈરાનના નાયબ વિદેશ મંત્રી કાઝેમ ગરીબાબાદીએ જણાવ્યું છે કે, MoU પર હસ્તાક્ષર થયા બાદ શરૂ થનારી 60 દિવસની અમેરિકા-ઈરાન વાટાઘાટો એ બાબત પર નિર્ભર રહેશે કે અમેરિકા પહેલા પોતાના ત્રણ વચનો પૂરા કરે છે કે નહીં. ગરીબાબાદીના જણાવ્યા અનુસાર અમેરિકાએ ત્રણ પગલાં ભરવા પડશે. નૌકાદળની નાકાબંધી નાબૂદ કરવી, યુદ્ધ અને તમામ સૈન્ય કાર્યવાહીઓ રોકવી, ઈરાનના ફ્રીઝ થયેલા ફંડ મુક્ત કરવા. જ્યારે ઈરાનના પ્રમુખ મસૂદ પઝેશકિયાને અમેરિકા સાથે થયેલી સમજૂતીને ઈરાનની જીત ગણાવી છે. તેમણે કહ્યું કે આ સમજૂતી માત્ર ઈરાન માટે જ નહીં પરંતુ આ ક્ષેત્રમાં તેના સહયોગીઓ માટે પણ સન્માનનો દસ્તાવેજ છે. એક રાષ્ટ્રીય સંમેલનને સંબોધિત કરતા પઝેશકિયાને કહ્યું કે વાતચીત દરમિયાન કેટલાક નાના મતભેદો ચોક્કસ હતા, પરંતુ તેઓ સમજૂતીના માર્ગમાં મોટો અવરોધ ન બન્યા. પઝેશકિયાને દાવો કર્યો કે સમજૂતી પર ઈઝરાયેલની નારાજગી જ એ વાતનો સંકેત છે કે ઈરાન મજબૂત સ્થિતિમાં રહ્યું. તેમણે કહ્યું, ઈઝરાયેલની પ્રતિક્રિયા દર્શાવે છે કે જીત આપણી થઈ છે. આવા ઉચ્ચારણો દર્શાવે છે કે કરાર ભલે થયો પણ ખાસ કરીને ઇરાન અને ઇઝરાયેલ વચ્ચે દુશ્મની યથાવત જ છે. દેખીતી રીતે અમેરિકા હાંફી ગયું હતું અને તે જલ્દીથી આ યુદ્ધમાંથી ખસી જવા માગતું હતું તેથી તેણે ઘણી બાંધછોડ કરીને કરાર કરી લીધો હોવાનું જણાય છે, પરંતુ મધ્ય પૂર્વમાં શાંતિની ગેરંટી આ કરારથી મળી નથી તે કઠોર વાસ્તવિકતા છે.

# ઓછા હસ્તક્ષેપવાળું શાસન પ્રજાને શાંતિ આપે છે

## અવારનવાર

**ડો.નાનક ભટ્ટ**

### નમેલા રહેવો, તો ટટ્ટાર રહેશો તમે ખાથી સહે તો પરીપૂર્ણ રહેશો, તમે વસાવેલા રહો તો ઉજળા રહેશો

તાઓ તે ચિંગના જેટલાં ભાષાંતર થયા છે તેટલાં બાઈબલના અપવાદ સિવાય, દુનિયાના બીજા કોઈ પણ પુસ્તકના થયાનું જાણમાં નથી. ઈસુ પહેલા ૬૦૦ વર્ષે ચીનમાં કોન્સયુશિષસના સમકાલીન ફીલક જેને વિશ્વ લાખો તહુ તરીકે જાણો છો તેવા એક ચિંતક કવિઓ માનવજીવનનાં અસ્તિત્વનું સૌંદર્ય અને સાદગી જાત પાસે મૂક્યુ છે. ભારતીય સંસ્કૃતિમાં શ્રીવમુત્ર, પતંજલિ યોગ સુત્ર કે ગોરખના પદોમાં જે જુસ્સો અને લાઘવ માથે વિશાળ વિચારસરણી સમાવી લીધાનું દેખાય છે. તે જ કલા, ઉત્તર પૂર્વથી વાઓ વ્યૂ આપે છે.

વૈવિધ્યથી સભર બ્રહ્માંડમાં શ્વેત વામન તારા તરીકે જાણીતા તારલાઓ કદમાં નાના હોવા છતાં પોતાની ઘટ્ટ અણુ રચનાને કારણે વજનમાં અત્યાધિક તો હોય જ છે, પણ તેમાંથી વહાર પડતા કિરણોત્સર્ગ ઊર્જાના લીધે તેનું સપાટી ઉપરનું તાપમાન સૂર્યના તાપમાનથી ઘણું વધુ જોવા મળે છે, તેમ તત્પજ્ઞાનનાં જગતમાં તાઓ તે માંગ શ્વેત રચનાના સ્થાને બીરાજે છે. “નમેલા રહેવો, તો ટટ્ટાર રહેશો તમે ખામી સહે તો પરીપૂર્ણ રહેશો, તમે વસાવેલા રહો તો ઉજળા રહેશો તમે. લાબો તત્વોની આ કાવ્ય પંક્તિ ઈન્દ્રિય કે તાર્કિક મનને બાધા ન પહોંચાડે, કારણ આપણો ઉછેર હેત ભાષાને ઉકરવા માટે થયો છે. બાથી હાર-જીત, મારું-ખરાબ, ભોછું-વધારે, લાભ-ફિલ્લામથી આપણું સામાજિક ગણિત તાલ મેળવી જાણે છે અને બાયો તાઓ તે ચાંગની મને વિજ્ઞાનિક ભૂમિકા બધું જ ઉરા-મુલા કરે છે. જાતની ઈચ્છનીય બાબતો લાબો ન્યુ અનિયાનીષ કહે છે.

બ્રિટીશ મ્યુઝીયમમાં એકમાત્ર હસ્તલિખિત પ્રતમાં સૂચવાયેલ તાઓતેચેગ નીચે છે.

જે જાણે છે તે બોલતો નથી, જે વોલે છે તે જાણતો નથી. જે સાચી છે તે દેખાડો કરવો નથી, જે દેખાડો એ છે તે સાચો નથી. જે દિવ્યતા પરાવે છે તે તાર કરતો નથી. જે તાર કરે છે તે દિવ્યતા ધરાવતો નથી. જે પંડિત છે તે બાહ્યો નથી, જે બહ્યો છે તે પંડિત નથી. અંત પોતાના ગુણોનું પ્રદર્શન કત્તા નથી, કારણ તેમની પાસે જાણકારી છે.

ખેતાને ખબર છે તેની ખબર ના હોવી તે જ લૌથી સારું.’ તેમ કહેનાર તાબોના ચિંતનની મહાનતા એવી છે કે, કોઈપણ સ્વરૂપ સાથે તેનું સરખાપણું નથી. લાઓ તત્સુ પોતાના ભવ્યોમાં જહે છે,

મારી પાસે ખજાના છે ત્રણ, જેને હું રાખુ છું મારી પાસે સુરક્ષિત પહેલાને કહે છે પ્રેમ, બીજાને કહે છે અતિરેક રહિતતા, ત્રીજાને કહે છે દુનિયાથી આગળ થઈ જવાના અભરખાનો અભાવ પ્રેમ હોય એટલે વ્યક્તિ થઈ શકે બહાદુર, અતિરેક ન હોય એટલે રહી શકે ભરપૂર દુનિયાની આગળ થઈ જવાનો અભરખો ન હોય એટલે વ્યક્તિ થઈ શકે છે બધા અધિકારીઓની ઉપર પ્રેમને બદલે વ્યક્તિ પાસે જો હોય બહાદુરી, અતિરેક રહિતતાને બદલે વ્યક્તિ પાસે હોય વિપુલતા. તો પાછળ રહેવાને બદલે વ્યક્તિ જાય છે આગળ, આ બધુ લઈ જાય માત્ર મૃત્યુ તરફ. માનવજાતનાં ઈતિહાસના પ્રારંભે ગણો હતા. આ જનસમૂહ હળીમળીને રહેતા પણ કાળક્રમે શુરવિર પુરુષ ગણોના મુખીયા બન્યા. તેમાંથી કોઈ સામંત થયું, રાજા થયા અને ૧૨મી સદી આસપાસ ભારતમાં ચંદ્રગુપ્ત મૌર્ય તો ગ્રીસમાં સેલ્યુલસ પ્રકારના ચક્રવર્તી રાજાઓ અતિ ભૂમિ-પશુ અને હીરા-ઝવેરાતના અધિપતિ તરીકે પોંખાયા. ૧૭મી સદીમાં બ્રિટીશ હકુમતે પોતાનું શાસન વિશ્વભરમાં પાથર્યું, ને તેમાંથી સરમુખત્યાર શાહી વિકસી ધર્મ અને સત્તાનું બળ પ્રસ્થાપિત કરવા બે વિશ્વયુદ્ધો થયાં તેથી જગત લોકશાહી રાજ્ય પ્રણાલી તરફ વળ્યું. આજે લોકશાહી રાજય વ્યવસ્થાની બોલબાલા છે, પણ તાઓ સ્વતંત્ર માનવીની વૈયક્તિક ચેતનાને જાગૃત કરી રાજય વ્યવસ્થાને નિમ્ન સ્તરે મૂકી જણાવે છે કે,

તાઓ ખોવાઈ જાય, ત્યારે ગુણ આવે, ગુણ ખોવાઈ જાય ત્યારે પરોપકારિતા આવે. પરોપકારિતા ખોવાઈ જાય, ત્યારે ન્યાયીપણું આવે, ન્યાયીપણું ખોવાઈ જાય ત્યારે વિધિ-વિધાન આવે.

વિધિ-વિધાન એટલે વહાઠારી, આથી જ્ઞાની માણસ નક્કરને પકડશે, ધૂંધળાને નહીં, સજ્જન બીજાનો ત્યાગ કરશે, પ્રથમને સ્વીકારશે. રાજ્ય વ્યવસ્થા કાયદો અને ન્યાયવસ્થાના નામે જનસમૂહને આંજ્ઞાક્તિ રાખવામાં માને છે. આધુનિક ઉદ્યોગો શિસ્તના નામે નાગરિકોને સર્કસ કલ્ચર તરફ દોરી રહ્યું છે ત્યારે લોઓ તત્ઝે ઈચ્છે છે કે, લોકોને હુકમ કરવાવાળું કોઈ ના હોય, ત્યારે સ્વયંમેવ તેઓ સંવાદી બનશે. જ્યારે સિદ્ધ થશે ગુણવત્તાઓ ને પૂરા થશે વહેવારો, ત્યારે લોકો, અમે પ્રકૃતિને અનુસરીયે છીએ એમ પોતાના વિશે કહેશે.

બદલાતાં જતાં વ્યક્તિગત મુલ્યોનાં કારણે વ્યક્તિની સફળતાના માપદંડો સમૂળગા અવળે માર્ગે જઈ પહોંચ્યા છે. આ વાતે દુઃખ વ્યક્ત કરતા સમગ્ર અસ્તિત્વના સંદર્ભમાં માણસનાં એક ટપકાં જેવાં સ્થાનને મૂલવતાં લાઓ ત્સુ લખે છે, તમારાથી વધુ નિકટ શું? કીર્તિ કે તમે સ્વયં? તમને વધુ વહાલું શું? તમે સ્વયં કે સંપત્તિ?

કોઈ પણ વસ્તુ માટે અતિ પ્રેમ, દોરી જાય દુર્વ્યય તરફ; ધનના સંગ્રહની પાછળપાછળ આવી જાય મોટી લૂંટ એટલે જે જાણે સંતોષને, તે ના થશે કઢી માનભંગ; જે જાણે ક્યાં અટકી જવું, તે ના થશે કદી રહો જાણે ભયમાં, અને ગુમાવો તો પણ રહો જાણે ભયમાં લાભ અને હાનિ આપણા દેહ જેવાં છે. કેહ છે એટલે થાય લાભ અને હાનિ.

હોય નહીં કેહ તો થાય ક્યાંથી લાભ અને હાનિ? એટલે પોતાના દેહના લાભને જે રીતે ગણે, તે જ રીતે ગણે દુનિયાના લાભને, તે કરી શકે શાસન દુનિયાનું.

પ્રેમ કરે જેટલો પોતાના દેહને, તેટલો જ પ્રેમ કરે દુનિયાને.

અથાગ ચિંતન અને પરિભ્રમણ કરતા રહી જગતને સનાતન સૂત્રો આપનાર લાઓ ને આજે ૨૬૦૦ નાશવંત લાંબો કાળ તે ટકી રહેશે. પ્રાપ્ત કરો લક્ષ્ય પરમ શૂન્યતાનું; જાળવી રાખો અવસ્થા સંપુર્ણ શાંતિ અસ્તિત્વમાં આવે બધી વસ્તુઓ અને પછી આપણે જોઈએ તેમને પાછી ફરતી. જુઓ સંવર્ધન પામી રહેલી વસ્તુઓ તરફ; પ્રત્યેક પાછી ફરે છે તેના મૂળમાં. પાછું ફરવું મૂળમાં, તેને કહે છે શાંતિ; તેનો અર્થ થયોઃ જવું નિયતિની પૂર્વસ્થિતિમાં ‘કીર્તિ અને અપકીર્તિ ભય જેવા છે ઊંચુ સ્થાન છે કીર્તિનું અને નીચું છે અપકીર્તિનું પ્રાપ્ત કરી, તો પણ તમે વર્ષ પછી પણ જગત ભુલ્યું નથી. આમ છતાં, લાઓત્સુ માટે તો તેના ચિંતનથી વિશેષ તેનું માનવ સમૂહ માટેનું પ્રત્યક્ષ કર્મ અગત્યનું રહેતું.

અખિલ બ્રહમાંડમાં એક તું શ્રી હરિ તેવું પીડે-બ્રહ્માંડે’નું ગીત ગાનાર આપણા નરસિંહ મહેતાએ હરિજનવાસમાં સંકીર્તન કર્યું. તે પછી પોતાનો મહિમા પોતે જ ગાયો તેમ લાઓ પણ પોતાના સામાજિક કર્તવ્યને વર્ણવતા લખે છે. તાઓ તે ચીંગના બૌધ સૂત્રો વધુ લોકોમાં પહોંચે તે માટે લાકડામાં કોતરી, કપડાં ઉપર છાપી તેના પ્રચારના વિચારે શ્રેષ્ઠીઓ પાસેથી દાન મળે છે પણ પહેલીવાર દુષ્કાળમાં અને બીજીવાર અતિવૃષ્ટિના લીધે શ્રેષ્ઠીઓનું દાન આફતગ્રસ્તો માટે ખર્ચાયુ. ૮-૧૨ વર્ષ વેડફાઈ ગયાં પણ પછી ઝાડની છાલ અને પછીથી કાગળ ઉપર થએલ છાપકામની પ્રત તૈયાર થાય છે ત્યારે એક બૌદ્ધ ભિક્ષુ પૂછે છે, ‘આપની આવૃત્તિ કેવી રહી!’ મેં(લાઓત્ઝ) કહ્યું, ‘પ્રથમ બે આવૃતિ જેટલી માનવીય નહીં.’

સવાર પડતાં જ ટન-બંધ છાપકામ બજારમાં ઠલવાય છે તે વચ્ચે લાઓ તે ચીંગનો પ્રભાવ આજે પણ શ્વેત તારક જેવો વજનદાર છે. શાશકે સત્તાથી નહીં પણ પોતાના ચારિત્ય અને પ્રામાણિક વ્યવહારથી શાશન કરવાનું છે. વંશ પરંપરાથી નહી પણ યોગ્યતા આધારે પદનો સ્વીકાર માન્ય કરનાર લાઓ ત્ઝે આજના શાશન વ્યવસ્થા માટે દિવાદાંડીરૂપ બને છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાજાની માફી



આજે દયાનો દિવસ હતો, આજે રાજા કેદખાનામાં જઈને બધા ગુનેગારોની સાથે વાતો કરી તેની વિનંતી સાંભળવાના હતા અને જે કેદીની વાત તેમને એકદમ હૃદયસ્પર્શી લાગશે અને જેની પર તેમને દયા આવશે તે એક કેદીને રાજા તેની સજા માફ કરી છોડી દેવામાં આવશે. બધા કેદીઓ પોતાના મનમાં પોતાની વાતને વધુને વધુ લાગણી સભર બનાવવા મનમાં સતત ગોઠવણ કરી રહ્યા હતા. રાજા કેદખાના આવ્યા અને એક ખાલી રૂમમાં બેઠા અને ત્યાં એક પછી એક કેદીને મોકલવામાં આવ્યા. પહેલા કેદીએ કહ્યું, ‘રાજાજી હું તો એકદમ નિર્દોષ છું, મારા પાડોશીએ મારી પર ચોરીનો ખોટો આરોપ મુક્યો છે.’ બીજા કેદીએ કહ્યું, ‘રાજાજી, મારી પર બાજુવાળાના ખેતરમાં આગ લગાવવાનો આરોપ છે, પણ મેં કોઈ ગુનો કર્યો જ નથી. આગ મારે કારણે નથી લાગી, મહારાજ દયા કરો.’ ત્રીજાએ કહ્યું, ‘રાજાજી, મારા પર શેઠને ઠગવાનો આરોપ છે પણ મેં કોઈ ગુનો કર્યો નથી મેં તો વેપારમાં સોદો કર્યો હતો હું નિર્દોષ છું, મેં કોઈ છેતરપીંડી નથી કરી મને માફી આપો.’ ચોથાએ કહ્યું, ‘મારી પર એક વ્યક્તિના ખૂનનો આરોપ છે પણ મેં જાણી જોઇને ખૂન નથી કર્યું; તેણે મારી પર હુમલો કર્યો હતો મેં તો સ્વબચાવમાં વાર કર્યો તે મરી ગયો મારો કોઈ વાંક નથી મને માફ કરો.’ આમ જેટલા પણ કેદીઓ આવ્યા બધાએ પોતે કોઈ ગુનો કર્યો નથી અને નિર્દોષ છે તેવી રજૂઆત કરી અને માફી માંગી અને છોડી મુકવાની વિનંતી કરી. છેલ્લે એક યુવાન આવ્યો તેની આંખોમાં શૂન્યતા હતી તેણે રાજાને કહ્યું, ‘હું ગુનેગાર છું, મેં ગુસ્સાના આવેગમાં મારા મિત્ર પર જાનલેવા વાર કર્યો, મને જીવવાનો કોઈ હક્ક નથી તમે મારી સજા માફ ન કરતા હું સજાને જ લાયક છું.’ રાજાને બધા કેદીઓની ખોટી રજૂઆતો વચ્ચે આ યુવાનની એક સાચી વાત સ્પર્શી ગઈ. રાજાએ કહ્યું, ‘જલ્દીથી આ ગુનેગારને બધા નિર્દોષ લોકો વચ્ચેથી દૂર કરો નહીં તો એક ગુનેગાર બધા નિર્દોષ કેદીઓને બગાડી નાખશે.’ આમ કટાક્ષસભર નિર્ણય આપી રાજાએ સાચું બોલનાર યુવાનને માફ કર્યો. રાજાએ કહ્યું, ‘સાચું બોલવું સૌથી મહત્વનો ગુણ છે અને તેને માટે ખૂબ જ હિંમતની જરૂર પડે છે. યુવાની સાચી વાતે તેને સજામાંથી મુક્તિ અપાવી છે.’

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# શું પક્ષાંતર વિરોધી કાયદો નિષ્ફળ ગયો છે?

## ફિંગર પ્રિન્ટ

**શેખર ઐયર**

### પક્ષાંતર વિરોધી કાયદો: નૈતિકતા જાળવવાનું સાધન કે પક્ષ પલટાની નવી ચાવી?

તાજેતરમાં યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં કારમી હાર બાદ તૃણમૂલ કોંગ્રેસમાં મોટી ઊથલપાથલ જોવા મળી રહી છે. તે સંપૂર્ણ પતન તરફ આગળ વધી રહી હોવાના સંકેતો દેખાઈ રહ્યા છે. જો પક્ષના સર્વોચ્ચ નેતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની હાર પૂરતી ન હોય તેમ, રાજ્ય વિધાનસભામાં નવા ચૂંટાયેલા ધારાસભ્યોના એક મોટા જૂથે પાર્ટીથી છેડો ફાડી નાખ્યો છે, પોતાનું અલગ જૂથ બનાવ્યું છે અને તેમાંથી એકને વિપક્ષના નેતા તરીકે ચૂંટી કાઢ્યા છે.

તેના સંસદીય પક્ષમાં પણ આવું જ મોટું ભંગાણ જોવા મળ્યું છે, જેમાં બે-તૃતીયાંશથી વધુ સાંસદો પક્ષ છોડીને ભાજપની આગેવાની હેઠળના એનડીએ સાથે જોડાઈ ગયા છે. તૃણમૂલ કોંગ્રેસના ૨૦ બળવાખોર સાંસદોએ ‘નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા’ (એનસીપીઆઈ) - જે એક ઓછો જાણતો પક્ષ છે, તેની સાથે વિલીનીકરણ કરવાનું પસંદ કર્યું છે.

અચાનક, ત્રિપુરા સ્થિત એક અજાણ્યો પક્ષ રાષ્ટ્રીય રાજકારણના કેન્દ્રમાં આવી ગયો છે. માત્ર ૨૦૨૩માં નોંધાયેલા અને ત્રિપુરામાં માત્ર ચાર વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડનારા એનસીપીઆઈ પક્ષ હવે બળવાખોર ટીએમસી જૂથનું નવું રાજકીય ઘર છે. એનસીપીઆઈની સ્થાપના ૨૦૨૩માં થઈ હતી અને તે મુખ્યત્વે ત્રિપુરા અને પશ્ચિમ બંગાળમાં સક્રીય છે. જોકે, ચૂંટણીમાં તેની ક્યારેય કોઈ ખાસ અસર જોવા મળી નથી. બળવાખોર તૃણમૂલ સાંસદોએ આ પક્ષ સાથે જોડાવાનું કેમ પસંદ કર્યું? ભારતનો પક્ષાંતર વિરોધી કાયદો (બંધારણની દસમી અનુસૂચિ)ની કાનૂની અડચણોમાંથી બચવા માટે તેઓએ આવું કર્યું.

આ પગલું સંભવિત કાનૂની ગૂંચવણો ટાળવા માટે લેવામાં આવ્યું હોય તેવું લાગે છે, જે પરિસ્થિતિ કદાચ ત્યારે ઊભી થઈ શકી હોત જો આ જૂથે ‘અસલી’ ટીએમસી હોવાનો દાવો કરવાનો પ્રયાસ કર્યો હોત અથવા સ્વતંત્ર સંસદીય જૂથ તરીકે માન્યતા માંગી હોત. પક્ષાંતર વિરોધી કાયદો એવી બે પરિસ્થિતિઓની કલ્પના કરે છે જ્યારે કોઈ ધારાસભ્ય/સાંસદને ગેરલાયક ઠેરવી શકાય - જો તે સ્વેચ્છાએ પક્ષનું સભ્યપદ છોડી દે અને જ્યારે તે પક્ષના આદેશ (વ્હીપ) વિરુદ્ધ મતદાન કરે અથવા મતદાનથી દૂર રહે.

પક્ષાંતર વિરોધી કાયદા હેઠળ, જો કોઈ બળવાખોર જૂથ તેના મૂળ પક્ષમાંથી માત્ર અલગ થઈ જાય તો તેના સભ્યોને સંસદમાંથી ગેરલાયક ઠરવાનું જોખમ રહે છે. જોકે, જો ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ધારાસભ્યો/સાંસદો અન્ય કોઈ નોંધાયેલા રાજકીય પક્ષ સાથે વિલીનીકરણ કરે છે તો તેઓ કાનૂની રીતે ગેરલાયક ઠરવાથી બચી જાય છે. બળવાખોર તૃણમૂલ જૂથનો દાવો છે કે, તેમની પાસે તેના ૨૮માંથી ૨૦ સાંસદો છે (જે જરૂરી બે-તૃતીયાંશ બહુમતી કરતાં વધુ છે), જેના કારણે તેઓ પોતાની બેઠકો ગુમાવ્યા વિના સુરક્ષિત રીતે વિલીનીકરણ કરી શકે છે.

એનસીપીઆઈ સાથે વિલીનીકરણ ગેરલાયક ઘોષિત થવાથી બચવા માટે ઓછામાં ઓછા બે-તૃતીયાંશ ચૂંટાયેલા ધારાસભ્યો/સાંસદો વિલીનીકરણ માટે સંમત થવા જોઈએ. ઓછા જાણીતા પક્ષ સાથે બળવાખોર ટીએમસી સાંસદોના વિલીનીકરણથી એનડીએને કેવી રીતે ફાયદો થઈ શકે?

સંસદનું એક મહિના લાંબું ચોમાસું સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે. એનડીએ સરકાર મહત્ત્વના બંધારણીય સુધારા વિધેયકો રજૂ કરવાનો લક્ષ્યાંક રાખે છે અને તેને બે-તૃતીયાંશ સાંસદોના સમર્થનની જરૂર પડશે. પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પહેલાં મોદી સરકારે ૧૩૧મું બંધારણીય સુધારો કરીને અને આ વિલીનીકરણની જાહેરાત કરવા માટે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મળીને બળવાખોર જૂથે બિન-જોડાયેલા જૂથ તરીકે રહેવાને બદલે એક અલગ અસ્તિત્વ તરીકે સત્તાવાર માન્યતા માંગી છે. આ પગલું તરત જ પક્ષમાંથી અલગ થયેલા સાંસદોને અલગ બેસવા અને ઔપચારિક રીતે એનડીએને પોતાનું સમર્થન જાહેર કરવા માટે સક્ષમ બનાવે છે.

શિવસેના વિભાજન કેસમાં સર્વોચ્ચ અદાલત દ્વારા અર્થઘટન કરાયા મુજબ, પક્ષાંતર વિરોધી કાયદા માટે મૂળ રાજકીય પક્ષનું ઔપચારિક સંગઠનાત્મક વિલીનીકરણ જરૂરી છે અને વિધેયક રજૂ કર્યું હતું, જેનો હેતુ ૩૩% મહિલા અનામત લાગુ કરવાનો છે. તે સીમાંકનની કવાયત સાથે જોડાયેલું છે. જોકે, આ બિલને મોટો આંચકો લાગ્યો હતો. કારણ કે, ૨૯૮ સાંસદોએ તેની તરફેણમાં અને ૨૩૮ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું હતું. પરિણામે, આ બિલ લોકસભામાં પસાર થઈ શક્યું ન હતું.

ત્યારથી એવી વ્યાપક અટકળો ચાલી રહી છે કે, એનડીએ સત્તાધારી ગઠબંધનમાં ન હોય તેવા પક્ષોના સાંસદોનું સમર્થન મેળવવાનો પ્રયાસ કરશે. એવી અટકળો છે કે, તમિલનાડુમાં કોંગ્રેસ-ડીએમકે વચ્ચેના અણબનાવ પછી ડીએમકે ચોક્કસ મુદ્દાઓ પર એનડીએને સમર્થન આપી શકે છે. ટીએમસીમાં ભંગાણ અને ૨૦ સાંસદોએ ખુલ્લેઆમ પોતાનું સમર્થન જાહેર કરવા સાથે ભાજપ આગામી સંસદીય સત્રની સત્તાવાર કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ એક સ્પષ્ટ વ્યૂહાત્મક લાભ મેળવવાની સ્થિતિમાં આવી ગયું છે.

શું પક્ષાંતર વિરોધી કાયદાએ પોતાનો અર્થ ગુમાવી દીધો છે? હા, પક્ષાંતર વિરોધી કાયદાએ તેનો મૂળ અર્થ ગુમાવી દીધો હોવાનું વ્યાપકપણે માનવામાં આવે છે. તે મૂળરૂપે ૧૯૮૫માં અનૈતિક પક્ષાંતર કરનારાઓને સજા આપવા અને સરકારોને સ્થિર કરવા માટે બનાવવામાં આવ્યો હતો, પરંતુ હવે વિવેચકો અને કાનૂની નિષ્ણાતો દલીલ કરે છે કે, પક્ષો દ્વારા આ કાયદાનો ઉપયોગ એક હથિયાર કરવામાં આવી રહ્યો છે. આ કાયદો પક્ષોના આયોજનબદ્ધ વિભાજનને રોકવામાં નિષ્ફળ જાય છે અથવા તો ક્યારેક તેમાં મદદરૂપ બને છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પુસ્તકાલયો બન્યાં વાચનાલયો

તા. 7/6/26ના ‘ગુજરાતમિત્ર’ની રવિવારી પૂર્તિમાં કેશુભાઇ દેસાઇનો લેખ ‘પુસ્તક કબાટમાં નજરકેદ’માં પુસ્તકાલય વાચનાલય બન્યાં તે પર સુંદર પ્રકાશ પાડવા બદલ અભિનંદન. એક સમય હતો જ્યારે પોતાને મનગમતું પુસ્તક મેળવવા પુસ્તકાલયમાં પડાપડી થતી. આજે પરિસ્થિતિ બદલાતાં પોતાના મનપસંદ વિષયોની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનાં જ પુસ્તકો વાંચવા માટે જ વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં સવારથી સાંજ સુધી બેસી વાંચે છે. જે જોઇ જાણી શહેરનાં વિવિધ વિસ્તારોમાં ખાનગી ધોરણે આ સુવિધાઓ પૂરી પાડી ફી વસુલાઇ રહી છે. પૈસા કમાવાનો નવો ધંધો શોધાયો. પુસ્તકાલયમાં અભ્યાસ/અધ્યયન માટે આવનાર ખૂબજ ઓછા છે. પુસ્તકમાંથી ઈ-બુક બનતાં માનવજીવનમાંથી પુસ્તકો એકાએક આઉટ ઓફ ડેટ થઇ ગયાં જેની કોઇને કલ્પના નહોતી. વચલી પેઢી ટેકનોલોજીની વિશેષતા સમજતી થઇ છે. જ્યારે બાળકો માતાના ગર્ભમાંથી બધું શીખી આવે છે. જ્ઞાનનો મહાસાગર ડિજીટલ થઇ જતાં નાનકડા હાથવગા મોબાઇલમાં તે કેદ થઇ જશે એવું કોઇએ સપને પણ ધાર્યું નહોતું. જ્ઞાન અને માહિતીની પહેલાં હતી તેટલી જ આજે પણ જરૂર છે. પરિણામે ભલે પુસ્તકનું સ્વરૂપ બદલાયું પરંતુ માનવજીવનમાં તેની અગત્ય હજી પણ એટલી જ છે જેટલી પહેલાં હતી. ઈ-બુકનું સ્વાગત છે.

**વ્યારા - પ્રકાશ સી. શાહ**

## રાજા તાનમાં, પ્રજા બેભાનમાં...

દેશ બહુ અજીબોગરીબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હોય એવું પ્રતીત થાય છે. ડુપ્લીકેટ અને ભેળસેળ લોકોને કોઠે પડી ગયું છે. ડુપ્લીકેટ નોટ, કોર્ટ, વકીલ, પોલીસ, ટોલનાકું ઈત્યાદિ તો સાંભળ્યું હતું પરંતુ હમણાં સુરતમાં ડુપ્લીકેટ ડિમોલિશનની વિચિત્ર અને અજીબ કહી શકાય એવી ઘટના બની. કોઈપણ પ્રકારની આગોતરી નોટિસ આપ્યાં વગર લગભગ સો જેટલા પરિવારો રઝળી પડે એવી રીતે એમના ઘરો પર બુલડોઝર ફરી વળ્યાં. તાજ્જુબની વાત તો એ છે કે એસ. એમ. સી. ના અધિકારીઓએ માથે ઊભા રહીને ડિમોલિશન કરાવ્યું અને હવે કહે છે કે અમે નથી કરાવ્યું. કઈ રીતનું દેશમાં તંત્ર ચાલે છે એ જ સમજ નથી પડતી. એક તરફ દેશમાં કરોડોના પ્રોજેક્ટ લોન્ચ થઈ રહ્યા છે તો બીજી બાજુ સામાન્ય કહી શકાય એવી પોસ્ટ ઓફિસમાં પાસબુક મળતી નથી. એક તરફ દેશ સુરક્ષિત હાથોમાં હોવાની ડંફાસો મારવામાં આવે છે અને બીજી બાજુ નીટની એક્ઝામના પેપર સુરક્ષિત નથી, એટલું જ નહીં વળી પરીક્ષાના પેપરની સુરક્ષા લશ્કરને સોંપવામાં આવે એ કેવી વિડંબના. રાજા કિલ્લો જીતવાના સ્વપ્ન બતાવે છે પણ લશ્કર ક્યાં લડે છે એની જ ખબર નથી...

**સુરત - પ્રેમ સુમેસરા**

## શું રોજ દસ હજાર પગલા ચાલવા જોઈએ?

હમણાં રોજ ૧૦,૦૦૦ પગલા ચાલવાની પ્રથા પ્રચલિત છે. હકીકતમાં એવા કોઈ ચોક્કસ અભ્યાસ દ્વારા સાબિત નથી થયું કે ૧૦,૦૦૦ પગલા જ તંદુરસ્તી માટે ફાયદાકારક છે. આ કોઈ એવો કોઈ જાદુઈ આંકડો નથી. ૧૦,૦૦૦ કરતાં પણ જો આપ રોજ ઓછા પગલા ચાલશો તો પણ શરીરને ફાયદો થાય જ છે. કોઈપણ વ્યક્તિને ચાલવા માટે, પ્રોત્સાહિત કરવા માટે જો ધ્યેય ૨૦૦૦ કે ૨૧૦૦ પગલાનો રાખીશું તો તે સહેલાઈથી હાંસલ થશે અને વ્યક્તિમાં વિશ્વાસ આવશે. ત્યારબાદ ધીમે ધીમે દર અઠવાડિયે ૧૦૦ કે ૨૦૦ પગલા વધારતા જઈશું તો ચોક્કસ તે વ્યક્તિ પોતાનો ધ્યેય હાંસિલ કરી શકશે અને વધારે પગલા ચાલવા, કસરત કરવા પ્રેરાશે . અઠવાડિયામાં જો ઓછામાં ઓછા પાંચ દિવસ નિયમિત રીતે ચાલશે તો તે વ્યક્તિ સક્રિય પણ રહેશે. ૧૦,૦૦૦ પગલા એ તંદુરસ્ત વ્યક્તિ માટે છે. સામાન્ય વ્યક્તિ જે ચાલવાનું શરૂ કરવા વિચારે છે , તે રોજની તમામ જવાબદારી, સમયનો અભાવ, ચિંતા તથા અન્ય કારણસર ધ્યેય હાંસલ કરવામાં નિષ્ફળ જવાથી શરૂઆતથી જ તે ડગમગી જાય છે અને ચાલવાનું પણ છોડી દે છે. પરંતુ ધીમે ધીમે નિયમિત રીતે જો તમે ૫૦૦૦ થી ૬૦૦૦ પગલા ચાલશો તો તે પણ તમારા સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે જ.

**અમેરિકા -ડૉ ચંદ્રેશ જરદોશ**

## સમય બડા બલવાન

એક જીવનલક્ષી સંદેશ દૃષ્ટાંત સહિત વાંચવા મળ્યો, જે સમયનું જીવનમાં મહત્ત્વ સિધ્ધ કરતો હતો. ‘‘એક રેસ્ટોરન્ટના જણાવ્યા મુજબ એમની રેસ્ટોરન્ટમાં માંગો તે હાજર કરીશું એમ લખ્યું હતું. એક ‘‘જ્ઞાની’’ ગ્રાહકે વેઈટરને ‘‘વીતેલો સમય’’ પાછો આણી આપ! એવી માંગણી કરી! હાજરજવાબી વેઈટરે શ્રેષ્ઠ પ્રત્યુત્તર પાઠવ્યો, ‘‘સાહેબ, વીતેલો સમય ખલાસ થઈ ચૂક્યો છે, ‘‘ગરમાગરમ પસ્તાવો’’ આપ કહો તો લઈ આવું,’’ ફક્ત બે વાક્યોમાં જીવનની ફિલસૂફી એ વેઈટરે સમજાવી દીધી. અર્થાત્ વીતેલો સમય ક્યારેય પરત નથી ફરતો અને સમયે આપેલી તક નથી ઝડપાતી તો ફક્ત પસ્તાવો જ બાકી રહે છે. ‘જો ભી હે બસ યહી એક પલ હૈ’ વર્તમાન ક્ષણો-સમય માણીને કે એનો સદુપયોગ કરી લઈએ. કારણ કે ઢોળાયેલું દૂધ અને વીતેલા સમય પર ફક્ત પસ્તાવો જ વ્યક્ત કરવાનો બાકી રહે છે. ‘‘સમય બડા બલવાન’’ એ ઉક્તિ સંપૂર્ણપણે યથાર્થ છે. સમયસરના નિર્ણય લેવાથી ક્યારેય પસ્તાવાનો સમય નથી આવતો.

**સુરત -નેહા શાહ**

## દક્ષિણ ગુજરાતની જીવાદોરી ‘ઉકાઈ ડેમ’

પાણી માટે દક્ષિણ ગુજરાતની જીવાદોરી કહેવાય તે ઉકાઈ ડેમ કુદરતની રહેમથી દર ચોમાસે ભરાતો રહે છે તેથી પાણીની બારેમાસ રેલમછેલ રહે છે. સમાચાર મુજબ આ વર્ષે હજુ પાણીનો પૂરતો સ્ટોક છે. ઉકાઈ ડેમ બન્યા ને લગભગ 55 વર્ષ થયાં છે તો આટલાં વર્ષમાં ડેમમા કેટલાય ફૂટનું પુરાણ પણ થયું હશે તે ગણતરી કરીએ તો એટલું પાણી ઓછું હશે. જો ભવિષ્યમાં એકાદ બે ચોમાસાં નબળાં ગયાં તો પછી વધતી વસ્તીને જોતાં આપણે પાણીની તંગીનો સામનો કરવો પડશે. તે જોતાં વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરવા માટે અન્ય વિકલ્પ વિષે અત્યારથી જ તૈયારી કરવી જોઇએ. ભૂગર્ભનુ ઘણું પાણી આપણે કૂવા અને બોરથી ખેંચી વાપરી ચૂક્યાં છીએ અને વરસાદનું પાણી હવે જમીન ખુલ્લી ન હોવાથી જમીનમા પૂરું ઊતરતું નથી પરિણામે પાણી સીધું દરિયામાં વહી જાય છે. વરસાદનું વધુમાં વધુ પાણી સિસ્ટમ બનાવી ફરી જમીનમાં ઊતારી સંગ્રહ કરવો જરૂરી છે. ભૂગર્ભ જળસ્તર વધશે તો તે જરૂર પડે ત્યારે ઉપયોગમાં લઈ શકાય (ભૂગર્ભમાં સંગ્રહાયેલું પાણી એક ડેમ સમાન જ ગણી શકાય) બદલાયેલા વૈશ્વિક વાતાવરણથી હવે ઋતુચક્રને ગંભીર અસર થઈ છે. વર્ષોથી વૈજ્ઞાનિકો ગ્લોબલ વોર્મિંગની ચેતવણી આપતા હતા તે હવે ખરી પુરવાર થઈ રહી છે. જો આવનાર સમયમાં પાણીનો વધુ સંગ્રહ ન કરી શકીયએ અને પાણી-વપરાશમાં નિયંત્રણ નહીં રાખીએ તો પછી આપણે પાણીની ગંભીર સમસ્યાનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

**સુરત -વિજય તુઈવાલા**

## વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ

આખા વર્ષ દરમ્યાન વિવિધ દિવસો ઉજવાતા હોય છે જેમ કે 12મી જૂન વિશ્વ બાળમજૂરી વિરોધ દિવસ તરીકે ઉજવાય છે. આ બધી એક ઔપચારિકતા રહી ગઈ છે પરંતુ અભ્યાસ કરતાં જણાશે કે જમીની હકીકતના બાલમજૂરીના સાચા આંકડાઓ જાણતાં જણાશે કે વિષય ખૂબ જ ચિંતાજનક છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યોને એવો પરિપત્ર ઈસ્યુ કરવો જોઈએ કે દરેક રાજ્યનાં તમામ શહેરોનાં પરિવારો ગરીબી રેખાની નીચે આવતાં હોય તેમનાં તમામ બાળકોને સરકારી શાળામાં ફ્રી પ્રવેશ, ચોપડા, બુટ, ડ્રેસનું ફ્રી વિતરણ કરવું જેથી મજૂરીમાં રોળાતા બાળપણને યોગ્ય ઉજ્જવળ ભવિષ્યની દિશા આપી શકાય. આ અંગે સરકારે ગંભીર બનવું જરૂરી છે.

**સુરત - રાજુ રાવલ**